# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સખી ! ચૈતર ઊતરશે,વૈશાખ બેસશે,
સખી ! મહોરશે ખાટામીઠા આંબલા,
સખી ! ભીંતે ચીતરાશે રૂડા સાથિયા,
પછી ગહેકારો કરશે પેલા મોરલા !
સખી ! હાટે વેચાશે હળદર ગાંગડા
વેચાશે કંકુ ને કસબોઈજી,
લેખણ કાઢીને લખશે તિથિઓ
નવે પાને પેલો કંદોઈજી,
સખી! અણસારે લોક આવતું થશે,
થાશે ઉઘાડબંધ ઘરનાં ઝાંપલા !
સખી!વાણીડો તાકા ઉકેલશે,
કરશે વાણીથી રૂડો વેપાર,
દરજી આવીને ઓસરીએ બેસશે,
એ કપડાંનો ભરશે દરબાર,
સખી વરણાગી થશે બધાં વાસણો.

- વિનોદ ગાંધી.

## પાથેય

- રમેશ ઠક્કર

## ચૈતર વૈશાખનો ઓપન મિજાજ

ગ્રામ્યજીવનમાં અખાત્રીજનું આગવું મહત્વ હતું..ફાગણમાં હોળી ધુળેટી..ચૈત્રની નવરાત્રી કે વૈશાખી પૂર્ણિમા...ઓતરા ચિતરાના તાપની પરાકાષ્ઠા જેવો જેઠ આ બધો ઉનાળાનો મિજાજ છે..ધોમધખતો પ્રતિભાવ ના આપે તો ઉનાળો શાનો ? આકરા ઉનાળા પછીની પ્રતિક્ષા શું હોય ? લોકકવિ કહે છે..

'કોટે મોર ટહુકિયા વાદળ ચમકી વીજ
રુદાને રાણો સાંભર્યો,આઈ અષાઢી બીજ.."

લોકજીવનમાં અષાઢી બીજનું અનોખું સ્થાન છે...મુગ્ધ પ્રેમીઓના હદયભાવો જુઓ.."વરસ વળ્યાં ,વાદળ વળ્યાં, ધરતી લીલાણી, એક વિજાણંદને કારણે શેણી સુકાણી.."/ ભાદરવો ભલે ગાજિયો ને ગાજયા વરસે મેહ..હું રે ભીંજાઉં ઘરઆંગણેને મારા પિયુ ભીંજાય પરદેશ..(રઢિયાળી રાત)...જે તપે છે એને જ અષાઢી ભીનાશની કિંમત સમજાય છે..વરસાદ અને હેલી અને ઘનઘોર વાદળ ને ઝબૂકતી ઝીણી વિજ સાથેના ચોમાસા માટે તો આપણા સાહિત્યમાં લખલૂંટ સામગ્રી પડી છે..

વૈશાખને વિસારે પાડી જેઠની આકરી મજલ કાપીએ તો જ શ્રાવણી સાંજની મજા શું હોય એ ખબર પડે છે..અષાઢ એ ચોમાસાનો ઉઘાડ છે..આગમનની એક અજાયબ અટારી છે..સાવન અને એનો મનભભાવન વૈભવ આપણી આશાઓને નવપલ્લવિત કરી જતો હોય છે...

જેઠ એ આમ જોઈએ તો વેઠ જેવો હોય છે..વૈશાખની બળબળતી બપોર નિખાલસ હોય છે..તડકો અને તાપ એ જ એની ઓળખ...ચૈતર અને વૈશાખ એમ જોઈએ તો ઓપન મિજાજ ધરાવે છે..જેઠ જરાક જુદા મિજાજનો છે.તાપ તડકો એ તો ખરાં જ પણ બફારો અને ઉકળાટ જેવાં આયુધો પણ એના ભાથામાં ભરીને એ આવે છે..ખેડૂતો માટે પણ કેવળ પ્રતિક્ષાનો એ સમય હોય છે..આકાશના ભીતર જેવું કે ઉનાળાના આકરા મિજાજ જેવું...! કયારેક વાદળછાયું રૂપ તો કયારેય ધખધખતી ધૂપ..!

ક્યાંક ભૂતાવળ જેવી ડમરીઓ તો ક્યાંક ઉષ્ણ લ્હેરખીઓની લપડાકો...જેઠપ્રથા પણ આમ જોઈએ તો વેઠપ્રથા જેવી હોય છે.!ગ્રીષ્મનું આખું પેકેજ હોય છે..એમાં સૌંદર્ય આપણા માપદંડોથી જોઈએ તો ફક્ત ફાગણનું જ ગણી શકાય..'મને ફાગણનું ફુલ એક આપો કે.." જેવાં ગીતો કે કેસૂડો કામણગારો જેવા પ્રાસ એના ખાસ ઉદગારો હોય છે...વિતેલા શિયાળાની વિસરાતી ટાઢક એના પંડમાં જળવાઈ હોય છે..એટલે જ ફાગણની સવાર એ વાનપ્રસ્થ શિયાળા જેવી લાગતી હોય છે..!

ચૈત્ર આમ જોઈએ તો આકરા પાણીએ આવતો હોય છે પણ થોડાક તહેવારો અને પ્રસંગો થકી એ માઝામાં રહેતો હોય છે..વૈશાખ એ ઉનાળાનું ઉતુંગ શિખર છે પણ એની એક આગવી શાન છે..બળબળતો તાપ એ જ એનો મિજાજ..એ તમને વાદળોની રખડપટ્ટી કે ઠંડી લ્હેરખીઓની સહેલગાહની એકાદી ઝલક પણ આપતો નથી..એ રીતે જોઈએ તો 'જેવો છું તેવો.." એવું કહેતા કોઈ લડાયક માણસ જેવો આત્મીય લાગે..

# વૈશાખની સુદ ત્રીજે



ભગવાન શિવજી તો તપસ્વી. એમણે દેવી પાર્વતી પાસે પ્રસ્તાવ મૂક્યો 'મારે તપસ્યા માટે પ્રસ્થાન કરવું છે.' આ સાંભળીને દેવી શોકમાં પડી ગયા, અને રૂદન શરૂ કર્યું. એમણે પ્રતિભાવ આપ્યો. 'તમે તપ માટે જાવ છો, પછી લાંબો સમય થઈ જાય છે. મારાથી આટલો લાંબો સમય એકાન્ત સહન થતું નથી.' શિવજી એમને શાંત કર્યા, અને વરદાન આપ્યું - 'તમે તમારા તપોબળે એક પુત્ર અને એક પુત્રી મેળવી શકશો.' ત્યાર પછી શિવજીએ મધુવનમાં તપ સાથે પ્રસ્થાન કર્યું.


દેવીએ વરદાનનો સ્વીકાર કર્યો. માતાના જમણા અંગથી પુત્ર પ્રગટ્યો - ગણપતિ અને ડાબાં અંગમાંથી પુત્રી - ઓખા.

એક વાર દેવી સ્નાન માટે ગયા. બંને બાળકો બારણે બેસાડ્યા, અને કહ્યું, 'કોઈને અંદર આવવા ન દેશો.' બંને બાળકો કોથળી - કુલડીથી રમવા લાગ્યા. એવામાં દેવર્ષિ નારદ આવ્યા, એમણે બાળકોને રમતા જોયા. એટલે તરત પાછા ફર્યા, મધુવનમાં શિવજીને વાત કરી - 'તમે તપમાં રોકાયા છો, પણ કૈલાશમાં બાળકો રમે છે.'

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

શિવજીને થયું - તપાસ કરું. એણે આવીને જોયું. 'બાળકો રમે છે.' એ ગુસ્સામાં ઘરમાં પ્રવેશવા ગયા. પણ ગણશે અટકાવ્યા. બંને જિદ ઉપર 'એકને જવું છે. બીજાને નથી જવા દેવા.' બંને વચ્ચે ઝપાઝપી થઈ. શિવજીએ ત્રિશૂળથી માથું ઉતારી દીધું. ઓખા આ બધું જોઈને ગભરાઈ ગઈ. દોડીને મીઠાની કોઠીમાં સંતાઈ ગઈ.

શિવજીએ પ્રવેશ કર્યો. પાર્વતીને ગુસ્સામાં પ્રશ્ન કર્યો. આ બધું શું છે ? દેવીએ યાદ અપાવ્યું - 'કેમ ?' તમે જ વરદાન આપીને ગયા છો.' ગણેશ વધથી દેવી એ રોક્કળ શરૂ કરી. શિવજીને પસ્તાવો થયો. તરત ભૃંગી નામના ગણને દોડાવ્યા.... એ હાથીનું શીર્ષ લઈ આવ્યો. મહાદેવે બાળકના ધડ ઉપર મૂકીને જીવંત કર્યો. દેવીને આશ્વાસન આપ્યું 'આની પ્રતિષ્ઠા ખૂબ રહેશે.' સૌ કોઈ કાર્યારંભે આને યાદ કરશે.'




હવે પાર્વતીએ સાદ પાડીને ઓખાને બોલાવી. તે મીઠાની કોઠીમાંથી બહાર આવી. માતાએ એને ઠપકો આપ્યો 'તારો દોડી ને મારી પાસે આવી જવાનું હતું.' આ ઠપકાના ભાગરૂપે, ઓખાને શાપ આપ્યો. 'આ મીઠાથી તારો દેહ ઓગળી જશે. પછીનો તારો જન્મ રાક્ષસ કુશળમાં થશે.'

ઓખાએ માફી માંગી. માતાએ કહ્યું, 'શાપ તો મિથ્યા નહિ થાય. પરંતુ આ ચૈત્ર માસ છે. તારો મહિમા કોઈ આ માસમાં ગાશે, તો એમના દુઃખ ભાંગશે. કોઈ નારી -આ માસમાં મીઠું નહિ ખાય; પછી ભલે ને એક દિવસ - તો પણ એનું સૌભાગ્ય અખંડિત રહેશે. જે દિવસે ન ખાય, તે દિવસે ઉપવાસ રાખવો. અને તું -વૈશાખ માસની સુદની ત્રીજે મારી પાસે આવજે. હું તારી મનોકામના જે હશે તે - પૂરી કરીશ.' ઓખાને હવે સંતોષ થયો.

પછી ને જન્મે, ઓખા બાણાસુરને ધીરે જન્મી, અને અનિરુદ્ધ સાથે એના વિવાહ થયા.

(આધારસ્થાન - ઓખા હરણ, મહાકવિ પ્રેમાનંદ)

# ૧૮મી એપ્રિલ-ભૂદાનયાત્રા અને વિનોબાજી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૧૯૫૧ની અઢારમી એપ્રિલને આપણાં ઈતિહાસની એક મહત્વની તારીખ ગણવી જોઈએ. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ કે ૧૯૬૦ની ગુજરાત રાજ્યની સ્થાપના એ બંને મહત્વના દિવસો છે. પરંતુ એક મોટા લોક સમુદાયને ખેતી માટે જમીન ઉપલબ્ધ કરાવવાનું કાર્ય શરુ કરવું તેમા અપાર દીઘર્દ્રષ્ટિનું દર્શન થાય છે. રાજકીય સ્વાતંત્ર્ય મળે પરંતુ લોકોને આર્થિક સ્વાતંત્ર્યનો અનુભવ ન થાય તો આવું રાજકીય સ્વાતંત્ર્ય ચલાવવું કે ટકાવવું મુશ્કેલ બને છે. થોડા સમય પહેલા જ આપણાં પાડોશી દેશ શ્રીલંકામાં જાગૃત થયેલી લોક અશાંતિ એ મુખ્યત્વે આર્થિક કારણોસર જ શરુ થયેલો નિર્ણયાત્મક સંઘર્ષ હતો. શાસક વિદેશી હોય કે પોતાના દેશ બાંધવો હોય તો પણ લોકોને પોતાની આર્થિક સ્થિતિ એક હદથી બહાર કથળતી લાગે તો આ લોકો જે કોઈ સત્તા સ્થાને હોય તેમની સામે સંઘર્ષનું બ્યુગલ વગાડે છે. સત્તામાં બેઠેલા લોકોએ જયારે આ સંઘર્ષને સત્તાના બળથી દબાવવાની કોશિષ કરી છે ત્યારે તેમને મોટા ભાગે સફળતા મળી નથી. લોકો જયારે સંઘર્ષ શરુ કરે છે ત્યારે સત્તાનું પ્રતિનિધિત્વ કરતો વર્ગ કે સત્તા સાથે જોડાયેલા સાધનો પર લોકોનો પ્રકોપ વરસે છે. "ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરોની ભસ્મકણી ન લાધશે" એ વાત દ્રષ્ટા કવિ ઉમાશંકર જોશીએ કરી હતી. તે વાસ્તવમાં વિશ્વના અનેક ભાગોમાં વખતોવખત પ્રગટ થતી જોવા મળી છે. આવો સંઘર્ષ પેદા ન થાય તેનો ગાંધી વિચારને અનુરુપ કીમિયો વિનોબાજીના મનમાં આવ્યો. એક ઐતિહાસિક કાર્યની આ રીતે શરૂઆત થઈ.

દેશ આઝાદ થાય તે સાથે જ લોકો પણ રાજકીય સ્વાતંત્ર્ય સાથે જ આર્થિક સ્વાતંત્ર્ય પણ મેળવે તે મહાત્મા ગાંધીની દ્રષ્ટિ હતી. દેશ આઝાદ થયો પરંતુ સૌથી છેવાડાના-રફ્રદ્દીજ ર્હ- માટેનું કોઈ ચોક્કસ આયોજન ગાંધી વિચારોના આજીવન સક્રિય વાહક વિનોબાજીને દેખાયું નહિ. દેશના આયોજન મંડળે પહેલી પંચવર્ષીય યોજનાનો મુસદો તૈયાર કર્યો. તત્કાલીન પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુની સૂચનાથી પ્લાનિંગ કમિશન તરફથી આ પંચવર્ષીય યોજનાનો ડ્રાફટ વિનોબાજીને બતાવવામાં આવ્યો. તેમના સૂચનો આપવા વિનંતી કરવામાં આવી. વિનોબાજી પોતાના અભિપ્રાયમાં ખુબ સ્પષ્ટ હતા. તેમણે કહ્યું કે દેશના વિકાસ માટે પંચવર્ષીય યોજનાનો આ ઢાંચો તેમને યોગ્ય લાગતો નથી. કારણોની સ્પષ્ટતા કરતા કહ્યું કે આ યોજનાથી દરેકને પેટ પૂરતું અનાજ તથા દરેક નાગરિકને કામ મળે તેમ બાબાને જણાયું નહિ. આજે આઝાદી મળ્યા પછી ૭૫ વર્ષે પણ રોજગારીનો પ્રશ્ન આપણી સામે વિકરાળ બનીને ઉભો છે. અનેક શિક્ષિત કે અર્ધશિક્ષિત લોકો નોકરીની રાહમાં જીવનના કિંમતી વર્ષો ગુમાવે છે. એક જગા ખાલી હોય ત્યાં દસ લોકો નોકરી મેળવવા તમામ પ્રયાસો કરે છે. નોકરી મેળવવા માટે યોજવામાં આવતી પરીક્ષાઓમાં ગરબડ થવાના દાખલા વખતોવખત સામે આવે છે. યુવાનોમાં બેરોજગારીની સ્થિતિ સામે રોષ હોવાથી એક અથવા બીજા નાના કે મોટા કારણસર આ રોષ અથવા નારાજગી સપાટી પર આવી જાય છે. સરકાર તથા સમાજના અમુક વર્ગના લોકો સંઘર્ષમાં આવે છે. સમાજ જીવનમાં આક્ષેપો તથા પ્રતિ આક્ષેપોથી કડવાશ ઉભી થાય છે. બાબા(વિનોબાજી) એ કહેલી વાત ૭૫ વર્ષ પછી પણ એટલી જ સાચી તથા સંદર્ભયુક્ત છે. આ તમામ સ્થિતિનું સર્જન થતું જ રોકવા માટે બાબાએ ૧૮મી એપિલ-૧૯૫૧ના રોજ જગતમાં અજોડ ગણાય તેવું ભૂદાન આંદોલન શરુ કર્યું. આ એક શુદ્ધ ભારતીય વિચાર હતો. તદન મૌલિક પ્રયાસ હતો. જેમની પાસે ખેતીની જમીન છે તે પોતાની જમીનનો એક નાનો ભાગ પોતા ગામના જ ભૂમિ વિહોણાને આપે તેવો ઉમદા વિચાર આ મનિષીને આવ્યો. યાદગાર ભૂદાનયાત્રા શરુ થઈ. ભૂદાન માટે સતત ૧૪ વર્ષ સુધી ચાલેલી આ યાત્રામાં બાબાને ૫૦ લાખ એકર જમીન દાનમાં મળી. જમીનના એક ભાગ માટેની મમતમાંથી મહાભારતનું નિર્માણ થયું. બંગાળમાં નક્સલબારી વિસ્તારમાં નક્સલવાદ શરુ થયો. એ જ દેશમાં તથા એ જ લોકોમાં બાબાએ સદ્ભાવનાની મજબૂત તથા વ્યાપક લહેર ઉભી કરી. કાયદાની અસરથી જે કામ ન થાય તે કામ વિનોબાજીના વાવાઝોડાથી થયું. દુનિયાના કોઈ રેડી-મેઈડ મોડેલને અપનાવ્યા સિવાય બાબાએ દેશને અનુરૂપ મોડેલ તૈયાર કર્યું. માણસ માત્રના દિલમાં રહેલી સારપને બાબાએ જગાડી અને તેને વાસ્તવિક કાર્યમાં પ્રગટ કરી. પોતે શુદ્ધ વિચાર કરવો અને સામા માણસમાં તે સમજાવટ તથા સ્નેહથી પ્રગટ કરવો તે વિનોબાજીની પધ્ધતિ હતી. ગ્રામોદ્યોગ મારફત ગામમાં જ ઉત્પાદન અને ગામમાં જ વપરાશ તે બાબાનું આર્થિક વ્યવસ્થાનું મોડેલ હતું. ખેતીમાં આજે પણ રહેલી આંશિક બેરોજગારી સામેનો બાબાનો આ મૌલિક ઉપાય હતો. દરેક ગ્રામવાસીને તેના જ ગામમાં જમીન સાથે જોડવાનો આ એક ક્રાંતિકારી પ્રયાસ હતો. ગાંધી વિચારને ભૂમિગત કરવા માટે બાબા જેવા તથા જેટલા પ્રયાસો કોઈએ કર્યા નથી. આ તમામ પ્રયાસોમાં તેમણે સહાય માટે કે સહયોગ માટે રાજયશક્તિ તરફ નજર કરી નથી. બાબાની નજર લોકશક્તિ તરફ રહી છે. લોકશક્તિને જાગૃત કરીને મહાત્મા ગાંધીએ સ્વરાજ્ય મેળવ્યું હતું. એ જ લોકશક્તિના માધ્યમથી વિનોબાજીને સુરાજ્ય લાવવું હતું. અધ્યયન, ચિંતન તથા શ્રમના ત્રિવેણી સંગમનું બાબાએ મહત્વ સમજાવ્યું. આજે આપણે કોમ્યુનિકેશનનો આટલો વિકાસ તથા વિસ્તાર થયા છતાં અધ્યયન તથા જીવનમાંથી ભૂંસાતા જતા શારીરિક શ્રમની બાબતમાં ચિન્તા કરીએ છીએ. સ્વસ્થ સમાજ માટે અધ્યયન તથા દરેકની સ્થિતિ મુજબ શારીરિક શ્રમનો કોઈ વિકલ્પ નથી. ગાંધીજી કહેતા કે વિનોબાજી એ આશ્રમનું દુર્લભ રત્ન છે. તેમણે જેટલું આશ્રમ પાસેથી મેળવ્યું તેથી અનેકગણું તેમણે આશ્રમને આપ્યું.

ગુજરાતમાં વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિને વેગ આપવામાં સૌના મહારાજ એવા રવિશંકર મહારાજે પોતાનું લોહી રેડીને પ્રયાસ કર્યો. જેનો પ્રતિસાદ પણ મળ્યો. વિનોબાજીનો સંદેશ થોડા પણ અર્થપૂર્ણ શબ્દોમાં કવિ દુલા ભાયા કાગે આપ્યો.

"થંભી જાઓ હો તલવારીયા !
કાં તલવારો સજાવો?
તોપ-તેગને ખાંડો ખાંડણિયે,
દાતરડાં નીપજાવો...
અલેકીઓ માંગવા આપ્યો રે
આ તો દેશ દખ્ખણનો બાવો."

# અંકલનો અફલાતૂન કારભાર બધું બારોબાર!!

હળવે હૈયે
પ્રકાશ લાલા

'પનુભાઈ.....'

હજુ અમે પથારીમાં પડ્યા પડ્યા માથે ફરતા પંખાને જોઈ, આ ગરમીના મહિનામાં ઈલેકટ્રિક બીલ કેવું જોરદાર આવશે એ વિશે ચિંતા કરતા અને આજે દિવસના તાપમાન સાથે અમારાં 'હોમ મિનિસ્ટર' ના મગજનું તાપમાન હાઈ રહેશે કે લો એનો વિચાર કરતા હતા ત્યાં 'ગુડ મોર્નિંગ' ને 'બેડ' કરતી શ્રીમાન લાલાકાકાની બૂમ સંભાઈ.

અમે શયનકક્ષ ત્યાગીને અમારા દિવાખંડમાં પ્રવેશ્યા ત્યારે અમારા દિમાગને દિવાનું કહેતા પાગલ કરી દે એમ સામે સોફામાં ગણપતિજીની જેમ ગોઠવાયેલા રેડ અંકલનો (દુઃ) દર્શન થયાં !!

'પનુભાઈ, આ બરાબર નહીં, હોં !'

'શુ બરાબર નહીં, અંકલ ?' લાલાકાકાએ ફેંકેલો ગુગલી બોલ ન સમજાતાં અમે પૂછ્યું....

'સવારે આટલું મોડું ઊઠો એ બરાબર નહીં.... સૂર્યોદય પહેલાં આપણે પથારીમાંથી ઉદય થઈ જવો જોઈએ... એટલે કે ઊઠી જવું જોઈએ....'

સવારના પોરમાં ચાના બદલે લાલાકાકાની આવી સલાહના 'ડોઝ' માટે અમે જરાય તૈયાર ન હતા એટલે મનમાં અંકલ ઉપર ગુસ્સો આવ્યો. પણ નેતાઓની જેમ કુશળતાપૂર્વક ચહેરાના ગુસ્સાના ભાવને છુપાવી, હસતા ચહેરે કહ્યું : 'સ્યોર અંકલ.... નોટેડ ફોર ફયુચર.... કાલથી વહેલા ઊઠી, પરવારીને તમારે ત્યાં ચા પીવા પહોંચી જઈશ !!'

'ના .... ના ... પનુભાઈ, મેં કહ્યું એટલું જ કરો..... પાછળનું તમારા ફાલતું વિચારોને અમલની જરાય જરૂર નથી....' અમારા સ્ટેટમેન્ટથી ચોંકી ઊઠેલા અને કદાચ સાચે અમે એણની માફક 'મફતિયા મહેમાન' બની એમને ત્યાં ચા પીવા કાલથી પહોંચી જઈશું એ બીકે ગભરાયેલા અંકલે તરત જ અમને સંભળાવી દીધું... અને પછી ઉમેર્યું : ગરમાગરમ ચા આવે ત્યાં સુધીમાં તમે પરવારી જાવ....' અને પછી બારોબાર અમારાં શ્રીમતીજી ઓર્ડર આપી દીધો..... : બે કપ ફર્સ્ટ કલાસ પનુભાઈને ફાવતી ચા જવા દો..'

અમે બ્રશ કર્યું. પણ રેક અંકલની આટલી વહેલી પધરામણીનું કારણ ખબર ના પડી એટલે પુછ્યું : ' અંકલ, આજે કંઈ વહેલા ?'

'પનુભાઈ, તમેન લઈ જવા આવ્યો છું..... ઝટ ઝટ તૈયાર થઈ જાવ.... આપણે જવાનું છે...'

'ક્યાં ?'

'આઈસ્કીમ ખાવા ?'

'હેં ?' તમે આઈસ્કીમ ખવડાવશો.....? તમે ? સવારના પોરમાં ? નવાઈ પામી જતાં આરાથી પ્રશ્નો થઈ ગયા....

'પનુભાઈ, હજી તમે ઊંઘમાં છો એટલે મેં કહ્યું ..... તે બરાબર સમજ્યા નથી... હું આઈસ્કીમ ખવડાવીશ એવું નથી કહ્યું.... મેં એમ કહ્યું કે હું 'તમને આઈસ્કીમ ખાવા લી જવાનો છું.....'

'કયાં ?'

'અરે, ભલા માણસ....તમે રેડિયો પરની જાહેરાતો ધ્યાનથી સાંભળતા નથી ને પેપરમાં આવતી જાહેરખબરો બરાબર વાંચતા નથી એનું જ આ દુઃખ છે!'

'કાકા મારા, આપણને આઈક્રીમ જમવા નિમંત્રણ આપતું હોય એવી કોઈ જાહેરાત મેં વાંચી કે સાંભળી નથી માટે ગોળ ગોળ વાત કરવાના બદલે સાફ સાફ સમજાવો.....'

'અરે યાર, ગામમાં એક મોટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ઉદ્‌ઘાટનની જાહેરાત પેપરમાં છે ને..... એમાં જઈએ એટલે આઈસ્કીમ ખાવા મળશે જ.... ને આમાં તો આઈસ્કીમ ખાવા જ નહીં, જાણીતા ટી.વી. સ્ટારને મળવાનો મોકો પણ છે.... માટે ડોન્ટ વેસ્ટ ટાઈમ.... તૈયારી જાવ...'

હવે અમને કંઈક 'ટ્યુબ લાઈટ' થઈ અને અંકલના મફતિયા ને બારોબાર પ્રોગ્રામનો ખ્યાલ આવ્યો. અમે પૂછયું :'લાલાકાકા, મોટી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન છે એ ખરું પણ તમને કે મને ઈન્વિટેશન કયાં છે ?'

'પનુભી, તમે યાર બહુ સીધા છો.... અખબારી એડમાં જાહેર નિમંત્રણ એટલે આપણો હક બને છે જવાનો. હોસ્પિટલવાળા સમજે છે કે આ જ બધા અમારા ભવિષ્યના પેશન્ટ છે અને એટલે જ આપણા ભરોસે મોટું સાહસ કરીને મોટી મોટી આશા સાથે આપણા ગામમાં આવતા હોય છે.... એટલે આપણે જવું જોઈએ.... એમનાં આશા ને ઉત્સાહ વધારવા !!'

'હં...'

'બહુ વિચાર ના કરો. રાજકારણીઓ માટે જનતા એમની મતદાતા છે, વેપારીઓ માટે પ્રજા-ખાસ કરીને બહેનો - એમનાં માનવતાં ગ્રાહકો છે. બસ, એમ જ હોસ્પિટલ માટે ય સમજવું....'

ત્યાં જ શ્રીમતીજી ચા લઈને આવ્યા.... એટલે પોતાનું ટોટલ ફોકસ એની ઉપર કરી, અંકલે એક કપ ઊઠાવ્યો ને એક ઘૂંટડો ભર્યા પછી, રાબેતા મુજબ 'વાહ શું.... ચા છે..' કહી વખાણ કરી, શ્રીમતીજીને ખુશ કર્યા..... ને પછી અમારા તરફ જોઈ ચાલુ કર્યું : 'તમે ચાલો.... જાણીતા ટી.વી. સ્ટાર સાથે ફોટો પડાવીશું !!' 'નવરા છે એ કલાકાર મારી - તમારી સાથે ફોટો ખેંચાવા ?' અમે ચીડથી કહ્યું ને ચા પીવા માંડી...

'પનુભાઈ, એ આપણી સાથે ફોટો ના પડાવે. એ તો આપણે જ તક ઝડપી લેવાની.... તમારો ફોન મને આપી લાગ જોઈને તમારે એની પાસે ગોઠવાઈ જવાનું, હું મોબાઈલમાં તમારા બંનેનો ફોટો ક્લિક કરી દઈશ... પછી એ જ રીતે મારો વારો ! અને આ ફોટા 'પનુભાઈને મળેલા જાણીતા ટી.વી. સ્ટાર' કેપ્શન સાથે સોશિયલ મીડિયામાં રમતા કરી દઈશું.... તમારો વટ પડી જશે !!' કહી એ કપમાં વધેલી ચા ગટગટાવી ગયા.... અને ચકરાવે ચઢી ગયા...

'પનુભાઈ, ગેટ રેડી..... સમયસર પહોંચીએ તો બહુ ભીડ ના હોય તો આપણા કામ થઈ જાય...' કહી એમણે છાપું પકડ્યું ને એમને થયું કે ફેવિકોલ જેવા જબરજસ્ત ચીટકુ અંકલ નહીં જ છોડે એટલે અમે 'ચાલો, હોસ્પિટલ જોઈ રાખીયે તો ભવિષ્યમાં ખુદ ને કે કોઈને માટે કામ લાગશે.... ' માનીને જવા મન મનાવી લાલાકાકાના નામનું નાહી નાખવા બાથરૂમમાં તરફ પ્રયાણ કર્યું.

# કામવાળીઓ હડતાળ પાડે તો...?

રંગ અને વ્યંગ
અનંત પટેલ

શહેરો અને ગામડાઓમાં ગૃહિણિઓ માટે કામવાળી આવશ્યક જીવન જરૂરીયાતની વસ્તુ જેટલી જ આવશ્યક છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહિ ગણાય......... દરેક ઘરમાં ગૃહ લક્ષ્મીઓ હવે રસોઈ સિવાય બીજું કોઈ જ કામ જાતે કરી શકતી નથી એ પણ એક હકીકત બની ગઈ છે. અને આમ થવા પાછળ એમની રહેણી કરણી એમના ઘરની આવક વગેરેનો મજબૂત ફાળો છે. જો કોઈ ઘરે કામવાળી એના નિયત સમય કરતાં થોડી ઘણી પણ મોડી આવે તો એ ઘરમાં ધમાલ ધમાલ મચી જાય છે...બાળકો સ્કૂલમાં, નોકરી ધંધે જતા પતિ તેમ જ પત્નીઓ ( જો જોબ કરતી હોય તો )તેમના પહોંચવાના સમયમાં લેટ પડે છે.....આ બધું વિચારતાં અમને એક અમંગળ કલ્પના થઈ આવી કે જો કામવાળીઓ એક સાથે હડતાળ પાડી દે અને એ હડતાળ અઠવાડિયું કે દસેક દહાડા ટકી જાય અથવા કોઈના ઘરે કામવાળી એનાં કોઈ અંગત કારણોસર કામે ન આવી શકે તો મોટા ભાગનાં ઘરોમાં કેવો હાહાકાર મચી જાય તે આપણે સહેજ વિચારીએ......!!!!! ★ પત્નીઓએ વાસણ કચરા પોતાં વગેરે જાતે કરવાનું આવે એને લીધે ઘરનું વાતાવરણ ગરમ જ થઈ જાય........( કોરોના લોક ડાઉનમાં પતિદેવોએ પત્નીઓને ઘરકામમાં ઘણી મદદ કરેલી તે બધી ગૃહિણિઓને યાદ હોવાથી જ્યારે કામવાળી ન આવે ત્યારે તેઓ પતિઓની મદદ અવશ્ય માગે જ ......)

★ પતિદેવ તેમજ અન્ય સભ્યોને સમયસર મળતી ચા-નાસ્તો , ન્હાવા જવાનું, પેપર વાંચવાનું બધું જ ડિસ્ટર્બ થઈ જાય....... ★ ભોજનની થાળીમાં રોજ જે જમતા હોવ એમાં ય કાપ કૂપ થઈ જાય.........

★ કદાચ કામવાળી નહિ આવવાને (ઉતાવળે રસોઈ કરવાથી )કારણે રસોઈના ટેસ્ટમાં પણ ફેરફાર જોવા મળે.......... ★ કામવાળી નહિ આવવાનાં કારણો બાબતે પતિદેવોને સંબોધીને પ્રુચ્છાઓ થયા જ કરે, ( આજે મૂઈ કેમ નહિ આવી હોય ? મોડી આવવાની હોય તો ફોન તો કરવો જોઈએને ? વગેરે વગેરે..) જાણે એ બધું જાણતા ના હોય.......? ★ બાળકોને સ્કૂલમાં કદાચ નાસ્તો લીધા વગર જ જવું પડે....... ★ કોઈ યુવાન કે કોઈ ભાઈ જો ઘરકામ કરી શકતા હોય તો તેને શોધવા જવાની ભારે જવાબદારી પતિદેવ પર આવી ચઢે....... ★ હડતાળ ન પડી હોય અને એમને એમ જો કામવાળી ન આવતી હોય, પાછી એ જો એનો ફોન પણ ન ઉપાડતી હોય તો એને ગાડી લઈને લેવા જવાનું કામ પણ પતિએ કરવું પડે......

★ કામવાળીને ગ્રુહિણિઓ એમના ઘરના સભ્ય જેવી જ ટ્રીટમેંટ આપે છે છતાં એમાં કશી ઉણપને કારણે તો કામવાળી આવતી નથી ને તે બાબતે આત્મ સંશોધન કરવામાં આવે...... ★ પોતાની કામવાળીના કાન કોઈ પાડોશણે ભંભેર્યા તો નથી ને એની ય ગુપ્ત રીતે તપાસ કરાય...... ★ કોઈ ઘરમાં કામવાળી ન આવી હોય તો એની પાડોશણોને પણ થોડી જ વારમાં એની ગેરહાજરીની ખબર ઓટોમેટિક પડી જ જાય છે..... ★ કામવાળી ન આવવાને લીધે એ ગૃહિણિની બપોરની ઉંઘ બગડે છે....... ★ વળી બહેનપણીઓ કે બહેનો સાથે ફોન પર થતો લાંબો વાર્તાલાપ ખોરંભે ચઢી જાય છે...... ★ બે ત્રણ દિવસ પછી કામવાળી એની ફરજ પર હાજર થાય ત્યારે એ ઘરની ગૃહિણિને ગુલામીમાંથી સ્વતંત્ર થયા જેટલો આનંદ મળે છે...... ★ પોતાને ખૂબ તકલીફ પડી હોવા છતાં કામવાળીને કોઈ જરા ય લડતું નથી અને ઉલ્ટાનું એને કોઈ મદદની જરૂર હોય તો તેની પૃચ્છા નીચા અને ધીમા સૂરે કરવામાં આવે છે.......

ટૂંકમાં આજના જમાનામાં ઘરે કામવાળી વગર કોઈને ચાલતું નથી, ઠીક છે કદાચ જ્યાં આવક ઓછી હોય ત્યાં તો ગૃહિણિઓ પોતાનું બધું જ કામ જાતે જ કરી લેતી હોય છે પણ એક વાર કામવાળીનો સ્વાદ ચાખ્યા પછી જો એ ન આવે તો એની પીડા તે ઘરની ગૃહિણિ, પતિદેવ તેમ જ બાળકોએ સંયુક્ત રીતે ભોગવવી જ પડે છે એટલે ભગવાનને એવી પણ પ્રાર્થના કરવાનું મન થાય છે કે હે ભગવાન જે ઘરે તેં કામવાળીની સગવડ પૂરી કરી આપી છે તે સદાયને માટે જાળવી રાખજે.......

મો-9898409053
- anantpatel135@yahoo.com